(17444)

ક્રમાંક:પ્રાશિનિ/નીતિ/૨૦૨૦/૬/3282-85
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર તા. 3 /૦૬/૨૦૨૦

પ્રતિ,
અંગત સચિવશ્રી,
માન.મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય,
સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર

**વિષય:- રાજ્યના પ્રાથમિક શિક્ષકોને ૯ વર્ષના ઉચ્ચત્તર પગાર ધોરણમાં ૪૨૦૦ નો ગ્રેડ પે આપવા બાબત.**

**સંદર્ભ:- ગુ.રા.પ્રા.શિ.સંઘના તા.૨૯/૦૫/૨૦૨૦ ના પત્ર.**

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે, પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ, ગાંધીનગર દ્વારા માન.મંત્રીશ્રી, શિક્ષણને સંબોધીને ઉક્ત સંદર્ભ પત્રથી રજૂઆત કરવામાં આવેલ છે. ઉક્ત પત્રની નકલ આ કચેરીને મોકલવામાં આવેલ છે.

પ્રસ્તુત બાબતે જણાવવાનુ કે, રાજ્યના પ્રાથમિક શિક્ષક સંવર્ગના ઉચ્ચત્તર પગાર ધોરણ બાબતે વિસંગતતા ઉભી થતાં તેનુ યોગ્ય નિરાકરણ લાવવા માટે યોગ્ય વિકલ્પ સૂચવવા માટે શિક્ષણ વિભાગ અને નાણાં વિભાગની સંયુક્ત કમિટીની રચના શિક્ષણ વિભાગના તા.30/01/૨૦૨૦ ના ઠરાવથી કરવામાં આવેલ હતી. ઉક્ત કમિટીમાં પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની સભ્ય સચિવશ્રી તરીકે નિયુક્તિ કરવામાં આવેલ હતી. ઉક્ત કમિટી દ્વારા અલગ અલગ બેઠકમાં થયેલ ચર્ચા-વિચારણાને અંતે સરકારશ્રીને કરવામાં આવનાર યોગ્ય વિકલ્પ સાથેની ભલામણો અંગેની કાર્યવાહી નોંધ આ કચેરીના તા.૦૯/03/૨૦૨૦ ના પત્રથી શિક્ષણ વિભાગમાં રજૂ કરવામાં આવેલ છે. ઉક્ત બાબત માન.મંત્રીશ્રીના ધ્યાને મૂકવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(ડૉ.એમ.આઇ.જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ સારૂ . . .
- નાયબ સચિવશ્રી (પ્રા.શિ.) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પ્રમુખશ્રી,
ચાણક્ય, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ શૈક્ષણિક સંશોધન કેન્દ્ર, સેક્ટર-૧૩, ગાંધીનગર